P G V C L

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨ ૨૫૫૩૭૭ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં.: કેસી/સીજીઆરએફ/ હુકમ/૨૦૧૮/ 30 તારીખ: 23. 2. 18

રજી. એ. ડી દ્વારા

પ્રતિ,
ખેંગાર ધમા કોઠીવાડ;
૨૬- શીકોતર સોસાયટી;
ગામ-કોટડા (ચાંદ્રાણી);
તા-અંજાર (કચ્છ).

**Mobile Number :– 9909724678**

વિષય :- ખેતીવાડી વિજજોડાણમાં ધીમું મીટર ચાલતા પૂરવણી બીલ આપવા બાબત અંગે.

સદર્ભ :- (૧) આપની અરજી નોંધણી નં. પીજી ૦૩/૦૧૨/૨૦૧૭-૧૮.

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ તરફથી તારીખ: ૨૬/૧૨/૨૦૧૭ ની બેઠકમાં કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

(એસ. એન વઢોનીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર
પીજીવીસીએલ સર્કલ ઓફિસ ભુજ.

બિડાણ-ઉપર મુજબ

નકલ સાદર રવાના:-

૧. શ્રી એ. એમ. ઢેબર
ચેરમેનશ્રી સી. જી. આર. એફ. ભુજ.
બ્લોક નં. એ. એ. - ૧૦ ઓસ્કાર સોસાયટી. નાણાવટી ચાર રસ્તા
રૈયા સર્કલ, રાજકોટ- ૩૬૦૦૦૫.

૨. શ્રીમતી નીતીનાબેન હરીપ્રસાદ જોષી. સ્વતંત્ર સભ્ય.
૧૦/ ૧૧૬ લક્ષ્મી પાર્ક, લક્ષ્મી વાડી, પૂજારા પ્લોટ મેઇન રોડ,
કુવાવાલી ખોડીયાર મંદીર સામે, રાજકોટ-૩૬૦૦૦૨.

૩. શ્રી પી. આર. વ્યાસ, ટેકનીકલ મેમ્બરશ્રી. ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ભુજ
વિશેષ મુખ્ય ઇજનેર. પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ.

૪. શ્રી અધિક્ષક ઇજનેર. પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

૫. કાર્યપાલક ઇજનેરશ્રી. પીજીવીસીએલ, વિભાગીય કચેરી અંજાર

૬. નાયબ ઇજનેર પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી – અંજાર રૂરલ-૨



Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮

- કેસ નં - પીજી ૦૩-૦૧૨-૨૦૧૭-૧૮
- નોંધણી તારીખઃ- ૨૪-૧૧-૨૦૧૭
- નિર્ણયની તારીખઃ- ૨૬-૧૨-૨૦૧૭

અરજદાર :- શ્રી ખેંગાર ધમા કોઠીવાડ
અરજદાર વતી રજુઆત કરનાર :- અરજદાર પોતે હાજર છે.

## વિરુધ્ધ

સામાવાળા :- કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, પીજીવીસીએલ, અંજાર.
સામાવાળા વતી રજુઆત કરનાર :- શ્રી જે.એમ.કષ્ટા, કાર્યપાલક ઈજનેર, અંજાર વિભાગીય કચેરી.

ઉપરોક્ત બંને પક્ષકારોને તમામ દસ્તાવેજી પુરાવા સાથે તેમની રજુઆત કરવા માટે તા.૨૬/૧૨/૨૦૧૭ના રોજ ભુજ મધ્યે રાખવામાં આવેલ.

## કાર્યવાહી

## ગ્રાહકની રજુઆત

(૧) આજરોજ તા. ૨૬/૧૨/૨૦૧૭ ના રોજ ભુજ મધ્યેની ફોરમની બેઠકમાં ફરિયાદી ગ્રાહક શ્રી ખેંગાર ધમા કોઠીવાર પોતે હાજર છે અને તેમની એવી રજૂઆત છે કે, અમારું ખેતીવાડી હયાત વીજ કનેક્શન ગ્રાહક નં. ૮૮૮૨૯/૦૧૦૩૭/૫ ૩૫ એચ.પી.નુ ખેતીવાડી હેતુ માટે કનેક્શન ગામ ખેંગારપર, તા. અંજાર ખાતે આવેલ છે. અમારે કુલ જમીન ચાર એકર અને ૧૭ ગુઠા જમીન છે. એમાં અમારે હાલ એરંડાના પાકની વાવણી કરેલ છે. અમારે સામાન્ય રીતે એરંડા અને કપાસનું વાવેતર છે. આ વખતે એરંડાનો પાક કરેલ છે . બે માસનો અમારો વીજ વપરાશ આશરે ચાર થી પાંચ હજાર રુપિયા હોય છે. ચોમાસામાં અમો વીજ વપરાશ કરતા નથી. સીઝનના પીરીયડ દરમિયાન અમારું બીલ રુપિયા ૭૦૦૦ થી ૮૦૦૦ નું આળે-ગાળે આવે છે. અમારું મીટર પી.જી.વી.સી.એલ. ની કચેરી થી તા.૩૧.૦૩.૧૭ ના રોજ બદલેલ છે અને અમોને જે પાંચ લાખનુ બિલ આપેલ છે. જે અમોને અન્યાયકર્તા જણાય છે. આ બીલ રદ કરવા અમારી માંગણી છે. અમારુ બદલાવેલ મીટર લેબોરેટરીમાં ટેસ્ટીંગ વખતે અમે હાજર રહી શકેલ નહી કારણ કે આ અંગે અમોને કોઇપણ જાણ કરેલ નથી.

Scanned by CamScanner

# પીજીવીસીએલની રજુઆત

(૨) આજરોજ તા.૨૬.૧૨.૧૭ ના રોજ ભુજ મધ્યેની ફોરમની બેઠકમાં પી.જી.વી.સી.એલ.વતી શ્રી જે.એન.કષ્ટા, કા.ઇ. હાજર રહેલ છે અને તેમની એવી રજુઆત છે કે; સદર ખેતીવાડી વીજ કનેક્શન ગામ ખેંગારપર ૩૫ એચ.પી.નું વીજ કનેક્શન ૮૮૮૨૯/૦૧૦૩૭/૫ થી હયાત છે . સદર કનેક્શનનો મીટરનો ડિસ્પ્લે બંધ થઈ ગયેલ ખામીયુક્ત મીટર બદલવામાં આવેલ અને સદર ખામીયુક્ત મીટર વધુ ચકાસણી અર્થે અંજાર લેબોરેટરીમાં તા. ૧૨.૦૭.૧૭ ના રોજ ચકાસણી કરવામાં આવેલ. ગ્રાહકને લેબોરેટરીમાં હાજર રહેવા બાબતે ત્રણ તારીખો અનુક્રમે ૨૯.03.૧૭, 30.03.૧૭ અને ૩૧.03.૧૭ની જાણ કચેરીના પત્ર નં. ૨૫૮૦/૨૭.૦૫.૧૭થી કરવામાં આવેલ. પરંતુ અરજદાર લેબોરેટરીમાં હાજર ન રહેતાં અંતે સદર મીટરની ચકાસણી તા.૧૨-૦૭-૨૦૧૭ના રોજ એકતરફી કરવામાં આવેલ. લેબોરેટરી ટેસ્ટીંગ દરમ્યાન ખામીયુક્ત વીજમીટરમાં મીટરનો 'B' ફેઈઝનો સી.ટી. કપાયેલ હતો અને ડીસપ્લે બંધ હતો તેમજ સદર મીટર ટેસ્ટીંગ દરમ્યાન ૯૯.૧3% ધીમું માલૂમ પડેલ. આથી જીયુવીએનએલના પરિપત્ર ૭૫૭/તા.૨૩-૦૬-૨૦૦૮ અને જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડનાં સેક્શન ૬.33 મુજબ ગ્રાહકને ૯૧ દિવસનું પુરવણી બીલ અંકે રૂ.૫,03,૯૧૫.૬૧(અંકે રૂપિયા પાંચ લાખ ત્રણ હજાર નવસો પંદર અને એકસઠ પૈસા પૂરા) વાળું અંજાર રૂરલ પેટાવિભાગીય કચેરી-૨ ના પત્ર નં. ૫૦૭૩/તા.૦૮/૦૯/૨૦૧૭ થી આપવામાં આવેલ. મીટરનો એમ.આર.આઈ. લેવામાં આવેલ છે. એમ.આર.આઈ. જે ઉપલબ્ધ છે તે તા.૧૪/૦૮/૨૦૧૬ થી 'B' ફેઈઝનો કરન્ટ મીસ જે રીસ્ટોર થયેલ નથી. પી.આર.ટી. રીપોર્ટ મુજબ માહે ઓક્ટો-નવે-૨૦૧૦ તેમજ ડીસે-જાન્યુ-૨૦૧૧ ના સમયથી માહે- ડીસે-જાન્યુ-૨૦૧૬ અને ફેબ્રુ-માર્ચ-૨૦૧૬ના સમયગાળા દરમ્યાન વીજ વપરાશ ૩૪૨૦ યુનિટથી ૨૦૦૦૦ યુનિટ આવેલ છે. સદર વીજકનેક્શનમાં પી.આર.ટી. રેકોર્ડમાં માહે ઓગસ્ટ-સપ્ટે-૨૦૧૩માં વીજમીટર બદલેલ છે અને ત્યારબાદ સદર વીજમીટર તા.૩૧/03/૨૦૧૭ના રોજ બદલાવવામાં આવેલ છે. આપવામાં આવેલ સદર પુરવણી વીજબીલ અંકે રૂ.૫,03,૯૧૫.૬૧(અંકે રૂપિયા પાંચ લાખ ત્રણ હજાર નવસો પંદર અને એકસઠ પૈસા પૂરા) વાળું બીલ યોગ્ય અને વસૂલવાપાત્ર છે. વિશેષમાં લેબોરેટરી ચકાસણી રીપોર્ટનો અભ્યાસ કરતાં મીટરની ઈન્ટર્નલ લોજીક તથા મેમરી પ્રણાલીમાં ખામી આવી ગયેલ છે. આથી આ મીટર ફોલ્ટી થઈ ગયેલ હતું.

## નિષ્કર્ષ

(3) બંને પક્ષકારોની લેખિત, મૌખિક તેમજ ફાઈલમાં પડેલ પુરાવાઓને ધ્યાને લેતા ફરિયાદી ની મુખ્યત્વે ફરિયાદ તેમને તેમના હયાત ખેતીવાડી વીજ કનેક્શન ગ્રાહક નં. ૮૮૮૨૯/૦૧૦૩૭/૫, ૩૫ હો.પા., ગામ : ખેંગારપરને વીજ કંપનીની સ્થાનિક કચેરી, પેટા વિભાગીય કચેરી નંબર-૨ અંજાર પત્ર નંબર- અંજાર/રૂરલ-૨/બિલિંગ/આઇ.સી./૧૭/૫૦૭૩ તા. ૦૮.૦૯.૨૦૧૭ થી આપવામાં આવેલ. ૯૯.૧૩% વીજમીટર ધીમાપણાનું પુરવણી બીલ અંકે રૂપિયા રૂ.૫,03,૯૧૫.૬૧ (પાંચ લાખ ત્રણ હજાર નવસો પંદર અને એકસઠ પૈસા પુરા) આપવામાં આવેલ છે. જે ગેરકાયદેસર અને અન્યાયકર્તા હોઈ રદ્દ થવાપાત્ર છે. અમારે કુલ ખેતીવાડીની જમીન જ ૪ એકર ૧૭ ગુંઠા છે. સામા પક્ષે પીજીવીસીએલની રજૂઆત છે કે; ફરીયાદીના હયાત સદર ખેતીવાડી વીજ કનેક્શનના વીજ મીટરનો ડિસ્પ્લે બંધ થઇ જતા કંપનીના નિયમાનુસાર સદર હયાત મીટર તારીખ ૩૧.03.૧૭ ના રોજ ના બદલવામાં આવેલ અને ઉતારેલ ડિસ્પ્લે વાળું મીટર વધુ ચકાસણી માટે લેબોરેટરી માં તા.૧૨.૦૭.૧૭ ના રોજ એક તરફી ચેક કરતા વીજ મીટરનો

Scanned by CamScanner

'બી'-ફેસની કરન્ટ સીટી મિસિંગ જણાય છે અને મીટરની ઇન્ટરનલ લોજીક તથા મેમરી પ્રણાલીમાં ખામી આવી ગયેલ હોઈ મીટર ફોલ્ટી થઇ ગયેલ . મીટર લેબોરેટરીમાં ૯૯.૧૩% ધીમું ફરતું માલુમ પડેલ. લેબોરેટરી રિપોર્ટના આધારે કંપનીના નિયમાનુસાર ફરિયાદીને ૯૯.૧૩ % ધીમાપણા લેખે મારે ડિસે-જાન્યુ-૧૭ તેમજ ફેબ્રુ-માર્ચ-૧૭ ના સમયગાળાનું ૯૧(એકાણું ) દિવસનું પુરાવાની બીલ ૮૩૯૮૫૯ યુનિટનું અંકે રૂપિયા ૫,૦૩,૯૧૫.૬૧ (પાંચ લાખ ત્રણ હજાર નવસો પંદર અને એકસઠ પૈસા પુરા) નું આપવામાં આવેલ છે જે વસુલવાપાત્ર છે. ઉપરોક્ત રજુઆતો તેમજ પુરાવાઓને લક્ષમાં લેતા અત્રેનું ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે વીજ મીટરનાં ટેસ્ટીંગ વખતે ફક્ત 'બી'-ફેસ ની જ સીટી મળતી ન હોવાનું તેમજ વીજ મીટરની ઇન્ટરનલ લોજિક તથા મેમરી પ્રણાલીમાં ખામી આવી ગયેલ હોવાનું પ્રસ્થાપિત થાય છે. સદર ખામી યુક્ત મીટરની બી ફેસ ની સીટી મિસિંગ તેમજ અન્ય ખામીઓને લક્ષમાં લેતા વિજ મીટર ૩૩.૩૩% જ ધીમુ ફરતું હોવાનુ પ્રસ્થાપિત થાય છે. ફરીયાદીની રજુઆત મુજબ તેમની માલીકીની જમીનને લક્ષમાં લેવામાં આવે તો પણ પુરવણી બીલના સમયગાળા દરમ્યાન પુરવણી બિલમાં દર્શાવેલ ૮૩૯૮૫૯ યુનિટ નો વિજ વપરાશ વાસ્તવિક રીતે ન્યાયીક જણાતો નથી. આથી ફરિયાદીને અપાયેલ ૯૯.૧૩ % ધીમાપણા નું ૮૩૯૮૫૯ યુનિટનું પુરવણી બીલ રદ થવાને પાત્ર છે . ફરિયાદીને સદર સમયગાળાનું (૯૧ દિવસનુ) ૩૩.૩૩% નુ ધીમાપણાનું રીવાઇઝ પુરવણી વીજબીલ આપવાનું વાસ્તવિક રીતે ન્યાયીક છે અને યોગ્ય છે. ફરીયાદીની ફરીયાદ અંશત માન્ય રાખવામાં આવે છે.

## હુકમ

**(૪) ફરિયાદીને અપાયેલ તકરારી ૯૧ દિવસનું ૮૩૯૮૫૯ યુનિટનુ ૯૯.૩૩ % ધીમાપણાનું પુરવણી બિલ રદ કરી રીવાઇઝ પુરવણી વીજ બિલ ૩૩.૩૩% મુજબનું તેટલા સમયગાળાનું – ૯૧ (એકાણું ) દિવસનું - આપવું. ફરીયાદીની ફરિયાદ અંશત: માન્ય રાખવામાં આવે છે.**

સ્થળ : ભુજ-કચ્છ

તારીખ : ૨૬-૧૨-૨૦૧૭

| (એન.એચ.જોષી) | (પી.આર.વ્યાસ) | (એ.એમ.ઢેબર) |
|---|---|---|
| સ્વતંત્ર સભ્યશ્રી | મેમ્બર ટેકશ્રી | પ્રમુખશ્રી |
| સીજીઆરએફ, | સીજીઆરએફ, | સીજીઆરએફ, |
| પીજીવીસીએલ,ભુજ. | પીજીવીસીએલ,ભુજ. | પીજીવીસીએલ,ભુજ. |

<u>નોંધ:-</u> ફરિયાદીને જો આ હુકમ સામે અસંતોષ હોય તો હુકમ મળ્યાની તારીખથી દિવસ ૩૦(ત્રીસ)માં વીજ લોકપાલ(એમ્બુસમેન્ટ) ગુજરાત વીજ નિયંત્રકની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ સમક્ષ અપીલ કરી શકશે.

Scanned by CamScanner